# ધીરજ અને ખંત



કોઈ એક ગામમાં એક ખેડુત રહેતો હતો. એને પોતાના ખેતરમાં કૂવો ખોદાવવો હતો; એટલે પાણીકળાને બોલાવી કઈ જગાએ ખોદવાથી પાણી નીકળશે એ પૂછયું. પાણીકળાએ એને ખેતરમાં અમુક જગા બતાવી કહ્યું : "આ જગાએ તમે ખોદશો તો પાણી નીકળશે."

પેલાએ થોડુંક ખોદ્યું, પણ પાણીનું નામનિશાન દેખાયું નહીં, એટલે એણે પાણીકળાને ફરી બોલાવી મંગાવ્યો.

પાણીકળો કહે : "બતાવેલી જગાએ ખોદ્યું છે ત્યાં જ ખોદે જાઓ. એ જગાએથી જરૂર પાણી નીકળશે."

"પણ થોડું ખોદવાથી જલદી પાણી નીકળે એવી કોઈ બીજી જગા બતાવો તો સારું. " ખેડુતે કહ્યું.

પાણીકળો બીજી જગા બતાવીને પોતાને ઘેર ગયો. પેલા ખેડુતે એ જગાએ વળી થોડુંક ખોદી જોયું, પણ પાણી નીકળ્યું નહીં. એટલે પાણીકળાને એણે ફરી બોલાવી મંગાવ્યો. ખોદેલી જગા ઊંડી નથી એમ જાણી પાણીકળો બોલ્યો : "તમે જરા ઊંડે ખોદે જાઓ. આ જગાએ હજી વધારે ખોદશો તો પાણી નીકળશે."

"પણ મારે તો પાણી જલદી નીકળે એવી જગા જોઈએ છે. એવી જગા બતાવો જેથી મારે વધારે ઊંડા ખોદવું ન પડે, ને કૂવો જલદી તૈયાર થઈ જાય."

પાણીકળાએ વળી ખેતરમાં તપાસ કરી અને એક નવી જગા બતાવતાં કહ્યું : "જુઓ, હવે આ જગાએ ધીરજ રાખીને ખોદ્યા કરો. મને ફરી બોલાવવા ન આવતા. પાણી મેળવવું હશે તો ખોદવું તો પડશે જ. પાણી નીકળતાં સુધી ખોદ્યા કરશો તો પાણી જરૂર નીકળશે. ને પેલી બે જગાએ ખોદ્યું, એનાં કરતાં અહીં વહેલું નીકળશે."

એમ કહીને પાણીકળો પોતાને ઘેર ગયો. પેલા માણસે થોડુંક ખોદ્યું, ત્યાં ભીની માટી જણાઈ આવી. પણ એને લાગ્યું કે એને વધારે ઊંડે ખોદવું પડયું છે. એટલે ફરી પાછો એ

પેલા પાણીકળાને બોલાવી લાવ્યો. ખોદેલી જગા જોઈ પાણીકળો બોલ્યો : "હવે હું તમને નવી જગા બતાવવાનો નથી. ખોદો છો ત્યાં જ વધારે ખોદો, હવે પાણી હાથવેંતમાં જ છે."

"આથી પણ ઓછું ખોદવું પડે ને પાણી નીકળે એવી કોઈ જગ્યા આખા ખેતરમાં નહીં હોય ?" ખેડૂતે અધીરાઈથી પૂછયું.

"હોય તો પણ મારે તમને એ બતાવવી નથી. મારી સલાહ માનીને તમે આ બતાવેલી જગાએ જ ખોદ્યા કરો તો સારૂં. ચાલો, હું પણ અહીં જ ઊભો છું, ને પાણી નીકળશે ત્યારે જ અહીંથી ઘેર જઈશ, પછી છે કંઈ ?"

પાણીકળાની વાત માનીને પેલા ખેડૂતે એ જ જગ્યાએ ખોદ્યાં કર્યૂં. છેવટે થોડી જ વધારે મહેનત કરી ત્યાં પાણીની સરવાણીઓ ફૂટી નીકળી.

એ જોઈને ખોડૂત રાજી થયો અને બોલ્યો : "છેવટે કૂવો બનાવવા માટેની સાચી જગા મળી ખરી. " પાણીકળો કહે : "નહીં, કૂવો ખોદવાની જગાએ તો મેં તમને અગાઉ બતાવી હતી, તે પણ બરાબર જ હતી. થોડું ખોદીને તમે ત્યાંથી કંટાળી ગયા. વળી બીજી જગા જોઈ, ત્યાં પણ થોડુંક ખોદ્યું ને તમારી ધીરજ ન રહી. છેવટે આ ત્રીજી જગાએ મંડયા રહીને તમે ખોદ્યા કર્યું ત્યારે પાણી નીકળ્યું. પણ આગળની બે વખતના ખોદકામની તમારી મહેનત તો નકામી જ ગઈને ? આમ વારંવાર જગા બદલી એના કરતાં ધીરજ રાખીને તમે એક ધ્યાનથી એક જ જગાએ ખોદ્યાં કર્યું હોત તો તમને પાણી જરૂર વહેલું મળત. લીધેલા કામનો છેડો ન આવે ત્યાં સુધી એને વળગી રહેવું એ એક મોટો ગુણ છે. સાંભળો તો એનું એક દષ્ટાંત કહું."

પેલો ખેડૂત પાણીકળાની વાત સાંભળીને રાજી થયો હતો. એ બોલ્યો : "તમારી વાત ખરેખર ડહાપણની જ હશે માટે કહો."

પાણીકળો કહે : "એક વેળા નારદમુનિ ફરતા ફરતા પૃથ્વી પર આવી ચડયા. ત્યાં એમણે બે જણને તપ કરતા જોયા. એક જણ આમલીના વૃક્ષ નીચે બેસીને તપ કરતો હતો. બીજો એ વૃક્ષની ડાળ પરથી ઊંધે માથે લટકીને તપ કરી રહ્યો હતો. બંને જણે હાથ જોડીને નારદમુનિને પૂછયું : "મહારાજ, આપ ભગવાન પાસે વૈકુંઠમાં તો જવાના જ ને !"

નારદ કહે : "હા, કહો. ભગાવાનને કંઈ પૂછવું છે ? કોઈ સંદેશો મોકલવો છે ?"

એ તો ગયા ભગવાન પાસે ને પેલા બંને તપસ્વીઓની વાત એમને કહી સંભળાવી. ભગવાન કહે : "પેલો જે આમલીના વૃક્ષ હેઠળ બેસીને તપ કરે છે, તેને હું એના આવતા જન્મમાં દર્શન આપીશ."

નારદ કહે : "ને પેલો આમલીની ડાળ પરથી ઊંધે માથે લટકીને તમારાં દર્શન માટે તપ કરી રહ્યો છે તેને ?"

ભગવાન કહે : "એ આમલીના ઝાડ પર જેટલા પાંદડાં છે એટલા એના જન્મ થશે, અને તમામ જન્મમાં એ આવું તપ કરશે પછી જ એને હું દર્શન આપીશ. નારદ, જાઓ

આટલું એ બંને જણને કહી આવો, ને પછી એ શું કહે છે એ આવીને મને કહેજો."

ભગવાનના જવાબથી નારદમુનિને આશ્ચર્ય થયું. આમલીના વૃક્ષની ડાળ ઉપરથી ઊંધે માથે લટકનારનું તપ વધારે મોટું હતું એ વાત સ્પષ્ટ હતી, છતાં ભગવાન એના પર મોડા પ્રસન્ન થવાના હતા ! આમાં કંઈક રહસ્ય હોવું જોઈએ એમ વિચાર કરતા નારદમુનિ પાછા પૃથ્વી ઉપર આવી પહોંચ્યા, ને પેલા બંને જણને એમણે ભગવાને કહેલી વાત કહી સંભળાવી.

એ સાંભળીને પેલો ઊંધે માથે લટકીને તપ કરનારો તો રાજી થઈ ગયો ને બોલ્યો : "વાહ ! મારાં કેવાં ધન્યભાગ્ય કે ભગવાનનાં દર્શન અનેક જન્મ પછી પણ હું કરી શકીશ ! ભગવાન મને  દર્શન આપશે એવો વિશ્વાસ મને હતો જ. હવે મને તપ કરવામાં વધારે આનંદ આવશે. એક તો શું પણ આવી અનેક આમલીઓનાં પાન મળીને થાય એટલા જન્મ સુધી તપ કરવા હું તૈયાર છું."

જ્યારે પેલો બીજો તપસ્વી નારદમુનિએ કહેલા સમાચાર સાંભળીને નિરાશ થઈ ગયો, ને બોલ્યો : "શું મારે હજી પણ એક વધારે જન્મ સુધી થોભવાનું છે ? ભગવાનને શું આટલું તપ પણ ઓછું પડે છે ? હાય, નસીબ !"

નારદમુનિએ બંનેની વાત સાંભળી લીધી, અને જઈને ભગવાનને કહી સંભળાવી. એ સાંભળીને જરા હસીને ભગાવન બોલ્યા :  "મુનિ, હવે તમને આ બંને જણની પરીક્ષા થઈ હશે. તપ તો બંને જણ કરે છે; પણ મારા દર્શન પામવાની ખરી લાયકાત તો પેલો ઊંધે માથે લટકીને તપ કરનારો જ ધરાવે છે. કેવી ધીરજથી ને કેવા ખંતથી એણે મારામાં મન પરોવી દીધું છે ? પોતે આવું કઠોર તપ કરે છે, છતાં જરૂર પડે તો અનેક જન્મ સુધી એવું તપ ચાલુ રાખવા એ તૈયાર છે. એના ધીરજ અને ખંતથી હું રાજી છું. તમે હમણાં જ વિમાન લઈને જાઓ, ને એને સદેહે અહીં લઈ આવો. એવાને હવે વધારે થોભવાનું ન હોય."

"અને પેલો બીજો કંઈ પૂછે તો એને શું કહું ?"

"એને કહેજો કે મારી પરીક્ષામાં તે હજી કાચો છે. એણે હજી વિશેષ તપ કરવું પડશે. એક તો એને પોતાના કામમાં વિશ્વાસ નથી. મળવાનું છે, તેને માટે ખંતથી પ્રયત્ન કરવાની એની તૈયારી નથી. વાટ જોવી પડે તો તે માટે જોઈતી ધીરજ નથી. એનું મન ઢીલું હશે ત્યાં સુધી એનું કામ કેમ કરી સિદ્ધ થશે ?"

અને પછી નારદમુનિ વિમાન લઈને પેલા ઉગ્ર તપ કરનારા ભકતને ભગવાન પાસે તેડી લાવ્યા.'

પાણીકળો કહે :  "એ રીતે કોઈ પણ વસ્તુ મેળવવા  માટે ધીરજ અને ખંતથી, શ્રદ્ધા અને તપની જરૂર પડે છે. એક જગા ઓળખી, પસંદ કરીને, ત્યાં જ ખંતથી ને ધીરજથી ખોદ્યા કરો તો પાણી નીકળે. જરા વધારે વાટ જોવી પડે એથી શ્રદ્ધા ગુમાવી બેસો તો તેથી

કામ સરે નહીં. બંધ ઓરડામાં પેસવું હોય તો કોઈ વાર બારણું સહેજ ઠોકવાથી ઊઘડી જાય છે, તો ઘણી વેળા તેને વારંવાર ઠોકવું પડે છે. બારણાને વારંવાર ઠોકવું પડે ત્યારે પણ જો ધીરજ નહીં ગુમાવતાં મંડયા રહેશો તો બારણું જરૂર ઊઘડશે.

ખોદકામ કરતાં જુદી જુદી જગાઓ બદવાથી તમારે એકંદરે કેટલું ખોદવું પડયું એનો વિચાર તમે કર્યો છે ? એના કરતા એક જ જગાએ જો તમે ખોદ્યું હોત તો તમારું કામ ઓછી મહેનતે અને વહેલું પતી જાત. છતાં અનુભવમાંથી શીખવાલાયક બોધ મેળવશો તો તમે કરેલી ફોગટ મહેનતનો કંઈ અર્થ સર્યો ગણાશે."

એટલું કહી પછી પાણીકળો પોતાને ઘરે ગયો.

પેલો ખેડૂત પણ પાણીકળાએ શીખવેલી ઉપયોગની વાત કદી ભૂલ્યો નહીં. એથી એ દરેક વાતે સુખી થયો.

લેખક: સ્વ શંભુપ્રસાદ કૃપાશંકર ભટ્ટ